# :: પરિપત્ર ::

વિષય : એલએલ.બી./એલએલ.એમ. કોલજોમાં ખાલી રહેલ સીટો પર પ્રવેશ અંગે.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જુનાગઢ સંલગ્ન એલએલ.બી./એલએલ.એમ. કોલેજોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ હાલ અમુક કોલેજમાં સીટો ખાલી છે આ ખાલી રહેલ જગ્યા પર પ્રવેશ ફોર્મ તથા ફોર્મ ફી સબમિટ કરનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપતી વખતે કોઇપણ પ્રકારની પ્રવેશ ફોર્મ ફી લેવાની રહેશે નહી પરંતુ નવા પ્રવેશ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ આપના કોલેજ આઈડીમાંથી (તા.૦૮/૦૯/૨૦૨૨ થી તા.૧૭/૦૯/૨૦૨૨ સુધીમાં) ઓનલાઈન ભરી, પ્રવેશ ફોર્મ ફી પેટે એલએલ.બી. માટે રૂ.300 + લેઇટ ફી રૂ.૫૦૦ + દંડાત્મક ફી રૂ.૫૦૦ મળી કુલ રૂ.૧,300/- તેમજ એલએલ.એમ. માટે રૂ.૫૦૦ + લેઇટ ફી રૂ.૫૦૦ + દંડાત્મક ફી રૂ.૫૦૦ મળી કુલ રૂ.૧,૫૦૦/- પ્રતિ ફોર્મ ફી પેટે વસુલવાના રહેશે. આ ભરાયેલ ફોર્મનો કુલ રકમનો ડિમાંડ ડ્રાફ્ટ "CHAIRMAN LLB LLM ADMISSION COMMITTEE BKNMU" ના નામનો તેમજ વિદ્યાર્થીની યાદી સાથે જમા કરાવવાનો રહેશે.

જે મુજબ વિદ્યાર્થીઓની વિગત નીચેના પરિશિષ્ટ-૧ મુજબ સામેલ રાખી, ભરાયેલ ફોર્મની પ્રિન્ટ અને ડોક્યુમેન્ટસ સાથે જોડી ફાઈલ બનાવી જમા કરાવવાની રહેશે. આ ખાલી રહેલ જગ્યા પર અપાયેલ પ્રવેશની ચકાસણી/પ્રતિ હસ્તાક્ષર માટે નીચે દર્શાવેલ તારીખ અને સમયે ઉપસ્થિત રહેવાનું રહેશે. વિદ્યાર્થીનો પ્રવેશ એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિની મંજુરી મળ્યેજ માન્ય ગણાશે. તેમજ પ્રવેશ BCI તેમજ રાજ્ય સરકારશ્રી તથા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબનો રહેશે, જેમાં વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાએ BCI ના નિયમ મુજબ માર્ક્સ મેળવી પાસ હોવું ફરજીયાત છે.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૨૧/૦૯/૨૦૨૨ | ૧૧:00 થી ૦૪:00 | એલએલ.બી./એલએલ.એમ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ કાર્યાલય, એફ-બિલ્ડીંગ,<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી – જુનાગઢ |

(Dr. Jay Trivedi)
Chairman
LL.B./LL.M. Central Admission Committee
Bhakta Kavi Narsinh Mehta University
Junagadh

ક્રમાંક/બીકેએનએમયુ/એલએલ.બી./૦૨૩/૨૦૨૨-૨૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બીલખા રોડ,
ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩.
તા. ૦૬/૦૯/૨૦૨૨

પ્રતિ,
પ્રિન્સીપાલશ્રી / સંચાલકશ્રી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ-
-સંલગ્ન તમામ એલએલ.બી./એલએલ.એમ. કોલેજો.

નકલ સાદર રવાના :
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે: આઈ. ટી. સેલ